COPY


# THE GANDHIDHAM CHAMBER OF COMMERCE & INDUSTRY

(ESTD. 1953)
"CHAMBER BHAVAN", Plot No. 71, Sector 8, Post Box No. 58,
**GANDHIDHAM** - Kachchh - 370 201.
**Phone** : +91-02836-220977, 220735 • **Mobile** : 99250 37814 • **Fax** : 220888
**e-mail** : info@gccikandla.com • **Website** : www.gccikandla.com


No. GCCI / ૫૧૬

તા: ૧૫.૧૨.૨૦૧૭

| | |
|---|---|
| માનનિય મુખ્ય મંત્રીશ્રી- ગુજરાત રાજ્ય,<br>સર્વણિમં સંકુલ – ૧,<br>૩જે માળે, નવા સચિવાલય,<br>ગાંધીનગર – ૩૮૨ ૦૧૦ | માનનિય કાયદા પ્રધાનશ્રી – ગુજરાત રાજ્ય,<br>સર્વણિમં સંકુલ – ૨,<br>૩જે માળે, નવા સચિવાલય,<br>ગાંધીનગર – ૩૮૨ ૦૧૦ |

વિષય: ગાંધીધામ ખાતે ૧ કરોડથી વધુ રકમ અંગેની કોમર્શીયલ કોર્ટ શરૂ કરવા અંગે

માનનિયશ્રી,

સવિનય જણાવવાનું કે આપને વિદિત જ છે કે છેલ્લા ૧૦-૧૫ વર્ષમાં કચ્છ જીલ્લામાં કુદકે અને ભુસકે વિકાસ થયેલ છે તથા કચ્છમાં ઔદ્યોગીકરણે નવી ઉંચાઇ સર કરેલ છે. આ પ્રગતિ સાથે જ કચ્છના વ્યાપારીક જગતમાં મોટી રકમનાં કેસોનો પણ ઉદ્દભવ થયેલ છે.

આથી કચ્છ જીલ્લામાં કોમર્શીયલ કોર્ટની સ્થાપના આજનાં સમયની માંગ છે. કચ્છ જીલ્લામાં કંડલા અને મુંદ્રા જેવા ભારતનાં પ્રગતિશિલ મહાબંદરો આવેલ છે. દિન-પ્રતિદિન વ્યાપારિક વ્યવહારોમાં વધારો થઈ રહ્યો છે. જેથી નવા મોટી રકમનાં કેસોમાં પણ વધારો થઈ રહ્યો છે. હાલની વ્યવસ્થા અનુસાર આ કેસો અંગે ૨૦૦ કિ.મી. (એક તરફ)નાં અંતરે રાજકોટનાં અનેક ધક્કા ખાવા પડે છે. આ કેસોની તારીખો માટે હાજરી આપવા આવવા-જવાનું ખર્ચાળ અને સમયની બરબાદી છે. આ ઉપરાંત રાજકોટની કોમર્શિયલ કોર્ટમાં ૪૦% થી ૫૦% કેસો ગાંધીધામ અને આજુબાજુ વિસ્તારનાં જ છે અને તેની સંખ્યામાં ઉતરો-તર વધારો જ થઈ રહ્યો છે.

ઉપરોકત હક્કિકતોને ધ્યાનમાં લેતાં અમારી વિનંતી છે કે કચ્છમાં ગાંધીધામ મધ્યે કોમર્શીયલ કોર્ટની સ્થાપના કરી તુરંત જ તેને કાર્યરત કરવા યોગ્ય પગલાં લેશોજી એજ અપેક્ષા સહ......

આભાર...

આપનો વિશ્વાસુ,

B.B.

બાબુભાઈ બી. હુંબલ
માનદ મંત્રી

નકલ રવાનાં: ૧) મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી આર. સુભાષ રેડ્ડી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ
૨) શ્રી વિનોદભાઈ ચાવડા- સંસદ સભ્યશ્રી (કચ્છ – મોરબી)
૩) પ્રમુખ, ગાંધીધામ બાર એશોસીયેશન, ગાંધીધામ
૪ મેસર્સ કૃષ્ણા ઇમ્પેક્સ, ગાંધીધામ